**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૧ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# “પેથાપુર બ્રહ્મ સમાજ દ્વારા શ્રાવણોત્સવની ઉજવણી”





શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, પેથાપુર દ્વારા અચલેશ્વર મહાદેવ (શિવધામ) માં “શ્રાવણોત્સવ” ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં શ્રાવણ માસના દ્વિતિય સોમવારે શ્રી મહાકાલેશ્વર મહાદેવની ખુબ જ અદભૂત પ્રતિકૃતિ બનાવવામાં આવેલ જેમાં પેથાપુરના શ્રી રામ સત્સંગ મંડળ તથા સુખડેશ્વર મહાદેવ મિત્ર મંડળે સાથસહાર આપેલ તથા પેથાપુરના ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી મહાકાલેશ્વર મહાદેવના દર્શન કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી.

# જન્મદિને વધામણી



ઓમ લક્ષ્મણ પટેલ
મો. ૯૯૯૮૨ ૬૬૩૪૪




શ્રેય ખત્રી
મો. ૬૩૫૮૦ ૨૬૨૬૯



આશિષ ગોંડ

# મહાદેવનો પ્રથમ અવતાર વિરભદ્ર

અત્યારે શ્રાવણ માસ ચાલી રહ્યો છે, જે ભગવાન શિવનો પ્રિય માસ માનવામાં આવે છે. આ મહિનામાં ભક્તો ભક્તિભાવથી વ્રત રાખીને શિવની આરાધના કરે છે. પરંતુ એવા ઘણા ઓછા લોકો હશે જે શિવના અવતારો વિશે જાણતા હશે. શિવજીએ કુલ ૧૯ અવતાર લીધા છે, જેમાં ‘વીરભદ્ર’ અવતારને પ્રથમ અવતાર માનવામાં આવે છે.



ભગવાન શિવ સાથે જોડાયેલી ઘણી વાર્તાઓ છે, જેમાં તેમના અવતારોની વાર્તાઓ અને રહસ્યો પણ એક છે. શિવ મહાપુરાણમાં ભગવાન શિવના અનેક અવતારોનું વર્ણન જોવા મળે છે. કેટલીક જગ્યાએ શિવના ૨૪ અવતાર કહેવામાં આવ્યા છે તો કેટલાકમાં ૧૯ અવતાર. શિવના કેટલાક અવતાર તંત્રમાર્ગી છે અને કેટલાક દક્ષિણમાર્ગી પણ છે. જો કે શિવજીના ૧૯ અવતારોની સૌથી વધુ ચર્ચા થાય છે, વીરભદ્ર, પિપ્પલાદ, નંદી અવતાર, ભૈરવ અવતાર, અશ્વત્થામા, શરભાવતાર, ગૃહપતિ, ઋષિ દુર્વાસા, હનુમાનજી, વૃષભ, યતિનાથ, કૃષ્ણદર્શન, અવધૂત, ભિક્ષુવર્ય, સુરેશ્વર, કિરાત, બ્રહ્મચારી અવતાર, સુનટ નર્તક અને યક્ષ અવતાર. આ છે ભગવાન શિવના ૧૯ અવતારોના નામ.

ભગવાન શિવના આ અવતારને ભગવાન શિવ માનવામાં આવે છે, જે તેમની જટામાંથી ઉત્પન્ન થયા છે. વીરભદ્રની ઉત્પત્તિ સાથે જોડાયેલી વાર્તા અનુસાર, એકવાર ભગવાન શિવના સસરા રાજા દક્ષે એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યું હતું, જેમાં તેમણે તમામ ઋષિ-મુનિઓ અને દેવતાઓને આમંત્રણ આપ્યું હતું. પરંતુ રાજા દક્ષે આ યજ્ઞમાં સતી અને શિવજીને આમંત્રણ આપ્યું ન હતું. પરંતુ સતીએ આ યજ્ઞમાં જવાની જીદ કરી, જેના કારણે શિવે તેને જવા દીધા.

યજ્ઞમાં સતીના પિતા રાજા દક્ષે શિવ વિશે કડવા શબ્દો બોલીને તેમનું ઘણું અપમાન કર્યું હતું. સતી પોતાના પતિ શિવનું અપમાન સહન ન કરી શક્યા અને તે બળતા યજ્ઞના અગ્નિકુંડમાં કૂદી પડ્યા. જ્યારે શિવને આ વાતની જાણ થઈ તો તેમણે ગુસ્સામાં આવીને પોતાની જટા ઉખેડીને પર્વતની ટોચ પર ફેંકી દીધી.

શિવજીની જટાનાં પૂર્વ ભાગમાંથી તેમના પ્રથમ અવતાર વીરભદ્રની ઉત્પત્તિ થઈ, જે ખૂબ જ ખતરનાક હતો. શિવના વીરભદ્ર અવતારએ દક્ષના યજ્ઞનો તો નાશ કર્યો જ પરંતુ દક્ષનું માથું કાપીને શિવની સામે મૂક્યું. પરંતુ ઋષિઓ અને દેવતાઓની વિનંતી બાદ શિવજીએ રાજા દક્ષના માથા પર બકરીનું માથું મૂકીને જીવનદાન આપ્યું. શિવમાંથી જન્મેલા વીરભદ્રને શિવનો અવતાર માનવામાં આવે છે. બાદમાં શિવે વીરભદ્રને પોતાના ગણમાં સામેલ કર્યા. શિવજીના ગણોમાં ભૈરવ અને નંદીને મુખ્ય માનવામાં આવે છે.

# પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટની કામગીરીને રાજ્યકક્ષાના વનમંત્રીએ બિરદાવી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની જીવદયા અને વન્યપ્રાણી સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટને તેમની સેવાકીય નિઃસ્વાર્થ સેવા બદલ વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું છે.

પાટનગરમાં નાગરિકો પ્રકૃતિ અને વન્ય જીવો પ્રત્યે અનહદ લાગણી ધરાવે છે અને આ શહેરમાં અનેક યુવાનો વન્ય જીવના સંરક્ષણ માટે કાર્ય કરત જીવા મળે છે. શહેરમાં "પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ" પણ એક એવી સંસ્થા છે જે આ ક્ષેત્રે સતત પ્રસંશનીય સેવા આપી રહી અને શહેરના યુવા વર્ગમાં પ્રકૃતિ પ્રત્યે લગાવ કેળવવા અનેકવિધ પ્રવૃતિઓ પણ કરતી રહે છે. આ સંસ્થા શહેરમાં સરિસૃપો અને વન્યજીવોના રેસ્કયુ કાર્ય માટે પણ કાર્યરત છે. તેઓની આ સેવાકીય કામગીરીને રાજ્યકક્ષાના વનમંત્રી મુકેશભાઈ પટેલે પ્રસંશા પત્ર લખીને બિરદાવી હતી જેના પગલે સંસ્થાના યુવા સ્વયંસેવકોમાં હર્ષની લાગણી પ્રસારવા પામી છે.

# ચિલોડા મોટા જંક્શન મથક રક્ષા બંધન પર્વ નિમિતે ધમધમતું રાખડી બજાર



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા ના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંક્શન મથક વાર તહેવાર દિવાળી મકરસ્રાંતિ હોળી ધુળેટી રક્ષા બંધન જેવા મુખ્ય તહેવાર નિમિત્તે સીઝનેબ્લ વેપાર ધંધો કરવા નાનામોટા અસંખ્ય વેપારીઓથી ધમધમતું બજાર આકર્ષણ નું કેન્દ્ર બને છે ત્યારે ચિલોડા મથકના આસપાસ અસંખ્ય વાર તહેવારે આજૂબાજૂના તહેવાર પ્રિય લોકો ચિલોડા મથકે વસ્તુની ખરીદીનું મુખ્ય સ્થળ પસંદ કરે છે ત્યારે સાવન સુદ પૂનમ અને નાળિયેલિ પૂનમનો વિષેશ ભાઈ બહેન નો પવિત્ર રક્ષા બંધન પર્વ ઉજવણી નિમિતે ચિલોડા ખાતે નાનામોટા અસંખ્ય વેપારીઓથી ધમધમતું બજાર આકર્ષણ જમાવ્યું અને ગ્રાહકોની મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે ઉમટી પડતાં ભારે ભીડના દ્ર્શ્યો સર્જાયા હતાં.



ગાંધીનગર જિલ્લા રેડક્રોસ દ્વારા બિનવારસીના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.

# રાસેયો દ્વારા રાષ્ટ્રીય રમત દિવસ પર પરંપરાગત રમતોનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા રાષ્ટ્રીય રમત દિવસ અને ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતરગત મોતીપુરા પ્રાથમિક શાળામાં પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો જેવી કે સંગીત ખુરશી, રીલે દોડ, લીંબુ ચમચી દોડ, દોરડા કૂદ, બૂક બેલેન્સ, કોથળા દોડ, ત્રીપગી દોડ, દોરડા કૂદ અને લંગડી દોડનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૩થી ૫ અને ૬ થી ૮ ધોરણનાં વિદ્યાર્થીઓએ જુદા જુદા વર્ગોમાં ઉત્સાહભેર ભાગ લીધું હતું. વિજેતાઓને પુરસ્કાર પણ




આપવામાં આવશે. કાર્યક્રમનાં આયોજનમાં મોતીપુરા પ્રાથમિક શાળાનાં આચાર્ય રાજેન્દ્ર કુમાર અંબાલાલ સોની, મનીષાબેન રાદડિયા અને આશાબેન પટેલની વિશેષ ભૂમિકા રહી હતી. વિશેષમા આ સંપૂર્ણ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અને પરંપરાગત રમતોનાં કાર્યક્રમનું આયોજનમાં સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજનાં એકમનાં સ્વય સેવક ખંજન મકવાણા, પાર્થિવ બળેવિયા, શિવ સોરઠીયા, મનદીપ સિંહ ઝાલાની ભૂમિકા રહી હતી સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું

# સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ૧૦ કી.મી રનમાં ૩૦૦ રનર્સે ભાગ લીધો



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ખાતે કુલ ૩૦૦ રનર્સે ૧૦ કિલોમીટર રનમાં ભાગ લઈને દોડ પૂર્ણ કરી હતી. અમદાવાદ ડિસ્ટન્સ રનર્સ એટલે કે એડીઆર અને એનું ગાંધીનગર વર્ઝન એટલે એડીઆર ગાંધીનગર ગ્રૂપના કેપ્ટન મેરેથોન રનર જગતભાઈ કારાણી દ્વારા આ યુનિક રનનું આયોજન કરવામાં આવ્યું હતું.

રવિવારે સવારે ગાંધીનગર ટાઉન હોલથી આ દોડની શરૂઆત થઈ હતી. ગાંધીનગર એસપી રવિ તેજા વાસમશેટ્ટી, આઈબી એસપી હરેશ દુધાત, એડીઆરના હેમલ શાહ અને એડીઆર ગાંધીનગરના જગત કારાણી દ્વારા ફ્લૅગ ઓફ કરાવી આ દોડ ખુલ્લી મુકવામાં આવી હતી. સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, મહાત્મા મંદિર, દાંડી કૂટીર, સિગ્નેચર બ્રીજ, રેલવે સ્ટેશન અને હોટલ લીલા માર્ગ પર આ દોડ આયોજિત કરવામાં આવી હતી.

આ દોડમાં ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન ધરાવતા રનર્સ અને એમા પણ ખાસ અલ્ટ્રા મેરેથોન રનર લિહાસ ત્રિવેદી હાજર રહ્યા હતા. ગાંધીનગર રનર્સ ગ્રૂપના ડૉ. ગુંજન જૈન, સંજય થોરાત, બ્રિજેશ કુમાર, ભરતભાઈ પટેલ, ડૉ. પ્રણવ જોષીપુરા, બીજુ પિલ્લાઈ, દુર્ગેશ પંચાલ, જીતેન્દ્ર ઉપાધ્યાય, ડૉ. રાજેન્દ્ર સોમપુરા વગેરે હાજર રહ્યા હતા. એડીઆર ગાંધીનગરના કેપ્ટન જગતભાઈ કારાણી, વાઈસ કેપ્ટન જયશ્રી પરમાર, પ્રદીપ ગેહલોત, મહેશ મીના અને રજનીકાંત પરમાર દ્વારા સમગ્ર રૂટ પર પાણી અને જ્યૂસની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ એડીઆર ગાંધીનગર રનમાં ૭૫ વર્ષના વડીલથી લઈ ૧૨ વર્ષ સુધીના ટીનેજર્સે ભાગ લીધો હતો. આ દોડમાં ૧૦૦થી વધુ તો મહિલાઓ દોડી રહી હતી. ગાંધીનગરના માર્ગ પર આયોજિત આ દોડ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ સમગ્ર કાર્યક્રમનું દમદાર એક્રરીંગ ડૉ. જીજ્ઞાસા ઠુમ્મર અને મહેશ મીના દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે એસપી રવિ તેજા વાસમશેટ્ટી છેક છેલ્લે સુધી હાજર રહી રનર્સનો ઉત્સાહ વધાર્યો હતો.

# રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે સ્પોર્ટસ સપ્તાહની ઉજવણી



ગાંધીનગર, તા.૨૯

દેશભરમાં તા.૨૯ ઓગસ્ટને રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. હોકીના જાદુગર મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા આ દિવસના ઉપલક્ષમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સમગ્ર ગુજરાતમાં ચાલતી ઈન સ્કુલ અને ડીએલએસએસ શાળાઓમાં સ્પોર્ટસ સપ્તાહ તરીકે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવીહતી. ગાંધીનગર જિલ્લામાં પણ જિલ્લા રમત વિકાસ અધિકારી કૌશિક પટેલની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય રમત દિવસ જે.એમ.ચૌધરી વિદ્યાલય ખાતે ઉજવાયો હતો. જે અંતર્ગત ફેન્સીંગ રમતના ઈન્ટર નેશનલ ખેલાડી રીતુ ચૌધરી અને સચીન પટણીએ હાજરી આપી હતી અનો ખેલાડીઓએ હેન્ડબોલ, એથ્લેટીકસ, વોલીબોલ તથા રસ્સાખેંચ જેવી રમતોમાં ભાગ લીધો હતો.

# ચિલોડા સેવા કેન્દ્ર દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમ અને એરફોર્સ ખાતે રક્ષા બંધનની ઉજવણી



ગાંધીનગર, તા.૨૯

ચિલોડા બ્રહ્મા કુમારી સેવા કેન્દ્ર રાજયોગીની બી. કે તારા દીદી દ્વારા મોટા ચિલોડા એરફોર્સ ચીફ ઈજનેર અને અન્ય ઓફિસર કર્મીને રક્ષાસૂત્ર બાંધી બી. કે મીરા બહેને તિલક કરી તેમજ બી. કે સ્તુતિ બહેને આશિર્વાદ કાર્ડ આપી ઉજવણી કરી ત્યાર બાદ મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમ વડીલ ભાઈ બહેનોને રક્ષા સૂત્ર બાંધી વ્યસન મુક્ત બનવા પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

સરકારી વિનયન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગર ખાતે ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત શાસ્ત્રીય વાદન, ભજન, લોકગીત, હળવું કંઠય સંગીત જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. પ્રિયાંશ રાજપુત (સાઉન્ડ એન્જીન્યરિંગ વિભાગ ડિરેક્ટર, ગુજરાત યુનિવર્સિટી ) અને ડૉ. સરગમ આચાર્ય (ઉપાસના સ્કૂલ) ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સપ્તધારા સમિતીના કન્વીનર શ્રી. પૂર્વી ઓઝા, કો- કન્વીનર શ્રી.જલ્પા રાણા, સમિતિના અન્ય સદસ્યો, કોલેજના અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી ઉત્સાહપૂર્વક વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

સમાચાર પસંદગી માટે
પીઆરબી એક્ટ હેઠળ
જવાબદાર વ્યવસ્થાપક
મયુર જી.પટેલ
ફોન નં. : 23222571,
મો.નં.98797 97884
ઈમેઈલ : Gandhinagar
samachar@gmail.com

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પટેલ પ્રભુદાસ દેવશીભાઈ ઉ.વ.૮૦, ગાંધીનગર
- સ્વ.ઠાકોર કાળુજી કંવરજી ઉ.વ.૬૩, રૂપાલ
- સ્વ.સોલંકી ચંદ્રેશ વિનોદભાઈ ઉ.વ.૨૩, સે-૨૪, ઈન્દિરાનગર